R.N.I. No. : 66450/97 Dkphgdedg#Mxulvglfwlrq

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવકાન્તિ

kwws=22mdjdglvkfkulvwldq1frp

#hpdlo=jduylqdynudqwl#C#|dkrr1frp

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 24•ISSUE: 43 DATE: 24-10-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

L#xgholyhuhg#soluhwxuq#wr સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## રશિયાની કોરોના વાયરસની રસીની ત્રીજા તબક્કાની સીધી ટ્રાયલને ભારતમાં મંજુરી અપાઇ નહી

ભારતમાં કેન્દ્ર સરકારની નિષ્ણાંત પેનલે રશિયાની કોવિડ-૧૯ વેકસીનના ફેઝ-૩ની ટ્રાયલ હાથ ધરવા માટે ડો. રેડ્ડીઝ લેબોરેટરીના પ્રસ્તાવને ફગાવી દીધો છે. પેનલે વેકસિનના ફેઝ-૨ ટ્રાયલની ભલામણ કરી છે. જેનું ટેસ્ટીંગ પ્રમાણમાં ઓછા લોકો પર થાય છે. ટ્રાયલનો બીજો તબકકો ૧૦૦થી ૩૦૦ લોકો પર થાય છે જ્યારે ત્રીજો ફેઝ એક હજાર લોકો પર થાય છે. બીજા તબક્કાની ટ્રાયલ વિદેશના ડેટાને જ પ્રમાણિત માની ભારતમાં સીધી ત્રીજા તબક્કાની ટ્રાયલ હાથ ધરવા માટે દરખાસ્ત મુકાઈ હતી. પરંતુ ભારતે તે સ્વીકારી નથી. નિયમન સબંધી મંજુરી મળ્યા બાદ કાર્યવાહી આગળ વધશે. કોરોના વાઈરસની રસી ઉપલબ્ધ થવા માટે હજુ ઘણો સમય લાગે તેમ છે. રાહ જોવી પડશે.

## ચીને તાઇવાનને અલગ દેશ તરીકે સંબોધિત કરતા ભારતીય મીડીયાને ચેતવણી આપી

ચીને ભારતીય મીડીયાને સલાહ આપતાં કહ્યુ કે તાઈવાન એક અલગ દેશ નથી તેથી તેને અલગ દેશ તરીકે સંબોધિત ન કરે.દિલ્હી સ્થિત ચીની મિશને આ માટે મીડીયા ગૃહોને પત્ર લખ્યા છે. જો કે તાઈવાને તેની ચેતવણીને નકારી કાઢી છે.અને કહ્યુ છે કે ગેટ લોસ્ટ. તેણે લખ્યુ છે કે મીડીયાના મારા મિત્રો તમને યાદ અપાવવા માંગીએ છીએ કે દુનિયામાં માત્ર ચીન એક છે. માત્ર પીપુલ્સ રિપલ્બીક ઓફ ચીન સરકાર જ સમગ્ર દુનીયામાં ચીનનું પ્રતિનિધિત્વ કરે છે. તાઈવાનને દેશ તરીકે રજુ ન કરવામાં આવે. આી સાથે જ સાઈઈગ વેનને પણ પ્રમુખ તરીકે જાહેર ન કરાવામાં આવે। આનાથી સામાન્ય લોકોને ખોટો સંદેશ જશે. બીજી બાજુ તાઈવાનના વિદેશ મંત્રાલયે ટ્વિટ કર્યુ છે કે ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. તેનું પ્રેસ વાઈબ્રંટ અને લોકોને આઝાદીને પસંદ કરે છે. જો કે એવું લાગે છે કે કોમ્યુનિસ્ટ ચીન આ તમામ ઉપખંડ પર પણ સેન્સરશીપ લાદવા માંગે છે. તાઈવાનના ભારતીય મિત્રોનો એકજ જવાબ હશે. ભાડમાં જાવ. ચીને પત્રમાં લખ્યું છે કે તાઈવાન ચીનનો અભિન્ન ભાગ છે. ચીન સાથે રાજદ્રારી સબંધ રાખનારા દેશોને તેની વન ચીન પોલીસીનું સંપુર્ણરીતે સન્માન કરવું જોઈએ.

## અભિવ્યક્તિની આઝાદીના દુરપયોગ સામે સુપ્રીમ કોર્ટ ની ઝાટકણી

હાલના સાંપ્રત સંજોગો અને પરિસ્થિતિમાં બોલવાની અને અભિવ્યક્તિની આઝાદીના અધિકારનો સૌથી વધુ દુરપયોગ થયો છે. તેમ સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું. ચીફ જસ્ટીસ એસ.એ.બોબડે, જસ્ટીસ એ.એસ. બોપન્ના અને જસ્ટીસ વી. રામા સુબ્રમણ્યમની બેન્ચે જમીયત ઉલેમા એ હિંન્દ અને અન્યોની અરજીઓ પર આકરી ટિપ્પણી કરી હતી. આ અરજીઓમાં આરોપ મુકાયો છે કે કોરોના દરમિયાન તબલીગી જમાતના કાર્યક્રમ પર મીડીયાનો એક વર્ગ કોમી ખટરાગ ફેલાવી રહ્યો છે. મીડીયાનો ખોટો બચાવ રતી કપટપુર્ણ અને બેશરમ એફિડેવીટ બદલ સુપ્રીમ કોર્ટે કેન્દ્રની ઝાટકણી કાઢી હતી.



બેન્ચે તબલીગી જમાતના મીડીયા કવરેજ અંગે કેન્દ્રના કપટપુર્ણ અને બેશરમ એફિડેવીટ બદલ તેની પણ ઝાટકણી કાઢી હતી.બેન્ચે આ ટિપ્પણી ત્યારે કરી જ્યારે જમાત તરફથી હાજર વરિષ્ઠ વકીલ દુષ્યંત દવેએ કહ્યુ કે કેન્દ્રે પોતાની એફિડેવીટમાં કહ્યુ છે કે અરજીકર્તા બોલવાની અને અભિવ્યક્તિને કચડી દેવા માંગે છે. આ મામલે બેન્ચે ઉમેર્યુ છે કે તેઓ પોતાની એફિડેવીટમાં કંઇ પણ બોલવા સ્વતંત્ર છે, જેમકે કે તમે જે ઈચ્છો તે તર્ક આપવા આઝાદ છો. બેન્ચે આ વાતથી નારાજ થઈ ગઈ કે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવને બદલે એડીશનલ સચિવે સોગંદનામુ દાખલ કર્યુ હતુ.જેમાં તબલીગી જમાત કેસમાં મીડીયા રિપોર્ટીંગ સબંધમાં બિનજરુરી અને બિનતર્કસંગત વાતો લખી છે.

બેન્ચે ઉમેર્યુ છે કે તમે આ કોર્ટની સાથે એવું વર્તન ન કરી શકો જે રીતે તમે આ કેસમાં કરી રહ્યા છો.કોર્ટે માહીતી અને પ્રસારણ મંત્રાલયના સચિવને આ પ્રકારના કેસોમાં મીડીયા રિપોર્ટીંગને અટકાવવા માટે અગાઉ લેવામાં આવેલા પગલાંની વિસ્તૃત માહીતી આપવાનો નિર્દેશ કર્યો હતો. જો કે સરકારી અધિકારીઓને જે રીતે ઉપરના મોટા લોકો જે રીતે બ્રીફીંગ કરે તે પ્રકારે તેઓ એફિડેવીટ કરે કે જવાબ આપે છે. જેથી આ બાબતમાં કોર્ટે વધુ ઉંડા જવાની જરુર છે અને ન્યાયતંત્રનો કડપ દેખાડવાની જરુર છે.આજ વિભાગના એક મંત્રીએ સુપ્રીમ કોર્ટને સરકારી કામોમાં દખલ નહીં કરવાની વાત કહી છે. અને ચુંટાયેલા સાંસદોની કોઈ પણ બાબતોમાં હસ્તક્ષેપ નહી કરવા સુપ્રીમને જણાવ્યુ હતું.જ્યાં સુધી કોર્ટ સપ્ષાઇ નહી આચરે ત્યાં સુધી આવું બનશે જ

## તહેવારો અને ઠંડી વખતે કોરોના સામે લડવા માટે વડાપ્રધાન મોદીનું જન અભિયાન



દેશની જનતાને આગામી દિવસોમાં નવરાત્રી,દિવાળી જેવા તહેવારોની શરુઆત થશે તો ઠંડીની મોસમ પર ડગ ભરશે. તેની સાથે કોરોનાકાળમાં અર્થવ્યવસ્થાની ગાડી પણ પાટે ચડાવવાની છે. આ સ્થિતિને અનુલક્ષીને વડાપ્રધાન મોદીએ કોરોના વાયરસ સામેનો જંગ જીતવા માટે અને લોકોને શિસ્તબધ્ધ રીતે સાવચેત રહે તે માટે ટ્વિટર પર એક જન આંદોલનનો પ્રારંભ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ જનજાગૃત્તિ અભિયાન અંતગર્ત લોકોને ટ્વીટ કરીને કોવિડ-૧૯ની રસી ન આવે ત્યાં સુધી માસ્ક પહેરવાની અપીલ કરી છે.

## ટીવી ચેનલોમાં ટીઆરપી ઉપજાવી કાઢવાનું કૌભાંડનો મહારાષ્ટ્ર પોલીસે પર્દાફાશ કર્યો :ટીઆરપી મીટર ગોઠવી આખો દિવસ ચેનલ ચાલુ રખાતી હતી

મુંબઈ પોલીસે ટેલીવીઝન રેટિંગ પોઈન્ટસ( ટીઆરપી) સાથે ચેડા કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હોવાનો દાવો કર્યો છે. તેમણે કહ્યુ હતું કે આ મામલામાં બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. ટીઆરપી એ કયો કાર્યક્રમ સૌથી વધુ જોવાય છે તે નક્કી કરવા માટેનું એક ટુલ છે. એ વ્યુઅર્વ્સ ચોઈસ અને ચોક્કસ ચેનલની લોકપ્રિયતાનો સંકેત આપે છે.

મુંબઈ પોલીસ કમિશ્નર પરમવીર સિંહે જણાવ્યુ હતું કે સુશાંત સિંહ રાજપુત મોત કેસમાં મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈ પોલીસ પર પ્રહારને કારણે ટીકાનો સામનો કરી રહેલી એક ન્યુઝ ચેનલ આ રેકેટમાં સામેલ છે.

મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચે ટીઆરપી રેકેટનો ભંડાફોડ કર્યો છે. તેણે વ્યુઅરશીપ રેટિંગ્સના ચેડા બદલ મરાઠીની બે ચેનલોના માલિકોની ધરપકડ કરી છે તેમ અધિકારીએ જણાવ્યુ હતું.આ ન્યુઝ ચેનલ ટીઆરપી રેકેટમાં પણ સામેલ છે. અને તે માટે જવાબદાર બે વ્યક્તિઓની ધરપકડ કરાશે.જેમાં ચેનલ ડિરેક્ટર, પ્રમોટર હોય કે ચેનલનો અન્ય કોઈ જવાબદાર કર્મચારી હોઈ શકે.ટીઆરપી રેટિંગ્સના આધારે જાહેરાત આપનારાઓ આ ચેનલો પર જાહેરખબર માટેના પૈસા ચુકવે છે અને આ હજારો કરોડનું ગેમ છે. તેમ સિંહે કહ્યુ હતું. ચેડાયુક્ત ટીઆરપી રેટિંગ્સને કારણે જાહેરખબર આપનારાઓ માટે ટાર્ગેટેડ દર્શકની ગણતરી ખોટી થાય છે. આને કારણે સેકડો કરોડોનું નુકશાન થાય છે.ચેનલે એક નિવેદનમાં તેના દાવાને નકારી દીધા છે.

ગરવી નવકાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

#kwws=22mdjdglvkfkulvwldq1frp

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક kwws=22idfherrn1frp2urelq1gkrodnld ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કોરોના મહામારીએ ૨૦૨૦નું વર્ષ ઝુંટવી લીધું છે. આર્થિક મહાદશાને કારણે પરિસ્થિતિ જોખમાઇ હતી. આર્થિક મહાદશા સાથે આરોગ્યની મહાદશાએ સમગ્ર વિશ્વને ઘેરી લીધુ અને પરિણામે સમગ્ર વિશ્વમાં અનેક લોકો ટપોટપ મોતને ભેટ્યા.પરિસ્થિતિ સુધરી ગઇ હોઇ તેવું કહી શકાય નહીં પરંતુ એમ કહી શકાય કે લોકોમાં ડર ઓછો થયો છે. કોરોનાનો આતંક ઘટી નથી ગયો.કોરોના વાયરસની બિમારીને લઇને બ્રિટનના ટોપ વૈજ્ઞાનિક સલાહકારના દાવાથી લોકોની ચિંતા વધી ગઇ છે. કોરોના મહામારી માટે રચિત બ્રિટિશ સરકારની સલાકાર સમિતિના એક ટોપના વૈજ્ઞાનિકે કહ્યુ છે કે કોરોના વાયરસને ક્યારેય ખતમ કરી શકાશે નહીં. કોરોના હંમેશા લોકોની વચ્ચે જ રહેશે. વૈજ્ઞાનિકે એમ પણ ક્હયુ છે કે વેકસીન વર્તમાન સ્થિતિને થોડીક સારી બનાવવામાં જરુર મદદ કરશે.

બ્રિટિશ સરકારની સાયન્ટિફિક એડવાઇઝરી ગ્રુપ ઓફ ઇમરજન્સીના એક સભ્ય જોન એડમંડસે સાંસદોને સંબોધન કરતાં કહ્યુ હતું કે આપણે કાયમ માટે વાયરસ સાથે રહેવાના છીએ.એ બાબતની બહુ ઓછી શક્યતા છે કે તેનો નાશ થશે.તેમણે એમ પણ ક્હયુ કે આપણે શિયાળાના અંત સુધી કોરોના વાયરસની કોઇપણ વેકસીન જરુર બનાવી લઇશુ. જેનાથી આપણને કોરોના સામે લડવામાં મદદ મળી શકશે.

યુરોપના અન્ય દેશોની જેમ બ્રિટન પણ કોરોના વાયરસની દ્રીતીય લહેરની લપેટમાં છે. દેશમાં લાગેલા કેટલાય પ્રતિબંધો છતાં બ્રિટનમાં કોરોના વાયરસના ૨૧૦૦૦થી વધુ કેસો નોધાયા છે.બ્રિટનમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા લોકડાઉન છતાં ઝડપથી વધી રહી છે. બ્રિટિશ વૈજ્ઞાનિકે એમ પણ કહ્યુ કે આપણે વેકસીનથી કેટલીક મદદ મળી શકે છે તો તેનો ચોક્કસ પણે ઉપયોગ કરવો જોઇએ. આપણે કોઇપણ સંજોગોમાં કોરોના ચેપના કેસો જેટલો ઓછો રહે એટલા પ્રયાસ કરવા જોઇએ. એ દિવસો હવે દુર નથી જ્યારે આપણે વેકસીન બનાવી લઇશું.અહીયા નોધનીય છે કે કોરોના વાયરસની વેકસીન બનાવવાના પ્રયાસોમાં બ્રિટન સૌથી આગળ છે.

ભારતમાં કોરોના વાઇરસની ગતિ મંદ પડી છે તેવું સરકારનું કહેવુ છે. સરકાર આંકડાઓની માયાજાળમાં રમત રમી રહી હોય તેવુ લાગે છે. કારણકે તાજેતરમાં બિહારમાં ચુંટણીઓ ટાણે બિહારના મતદાતાઓને મફત કોરોના વેકસીન આપવાની ભાજપે ચુંટણી ઢંઢેરામાં જાહેરાત કરી દીધી છે. જ્યાં હજુ ગુજરાતી કહેવત પ્રમાણે “ ભેંસ ભાગોળે અને ઘેર ભઇડકા “કોરોના વાઇરસના રસીની હજુ સંશોધનના ત્રીજા તબક્કામાં આવી છે. પરંતુ હાલમાં કોઇને આપી શકાય તેમ નથી. છતાં જુમલા આપવામાં ભાજપને કોઇ પહોચી શકે નથી.

તાજેતરમાં વડાપ્રધાને દેશવાસીઓને તેમના સંબોધનમાં કરેલી અપીલમાં તેમણે દેશની જનતાને સ્પષ્ટપણે કહ્યુ કે કોરોના ગયો નથી પરંતુ આપણે તેનાથી બચવાનું છે અને તે માટે જેટલા પ્રિકોર્ષન લેવા પડે તે લેજો.તહેવારોના સમયમાં ઉજવણી કરવાના બહાને નિયમો તોડશો નહી નહીતર બધાને નુકશાન થશે પરંતુ આ દેશની જનતાને તહેવારોની ઉજવણી,ઉત્સવો,તાયફા વિગેરેમાં જ રસ છે બાકી જે થવાનું હોય તે થાય.ખેર આપણે આઝાદી આવ્યાના આટલા બધા વર્ષો બાદ શિસ્ત અને સંયમ ભરેલા નાગરિકો ઉભા કરી શક્યા નથી અને પરિણામે દેશ એક એવી સ્થિતિમાં છે કે તેમાંથી બહાર આવવા માટે અથાગ પરિશ્રમ કરવો પડશે. યુપીમાં હાથરસની ઘટનાને લઇને ત્યાંના વાલ્મિકી સમાજના લોકો સરકાર અને વહીવટીતંત્રથી નારાજ થઇને હિન્દુ ધર્મ ત્યાગીને બૌધ્ધ ધર્મ અપનાવ્યો છે. ભેદભાવ,,જાતીય ઉત્પીડનને કારણે લોકોને ધર્મ ત્યજી દેવો પડે તો સામાન્ય નાગરિકની કેટલી હદે અવગણના થતી હશે ?

હિદુત્વની હાંસ ઉડાવતું ધર્માંતરણ યોગી સરકારના વહીવટીતંત્રનું વરવુ રુપ પ્રદર્શિત કરે છે. મનુવાદી વિચારસરણીને કારણે લઘુમતિઓની અવગણના દેશના બિનસાંપ્રદાયિક બંધારણની અવગણના કરે છે. ખેર,મતદારોએ કરેલી ભુલો માટે હવે પસ્તાવાનો સમય ગુજરી ચુક્યો છે. વિકલ્પ કોઇ બાકી રહ્યો નથી. અરાજકતા તરફ પ્રયાણ કરી રહેલો ભારેલો અગ્નિ ક્યારે પ્રચંડ સ્વરુપ માં ફાટશે તે કહેવું અશક્ય છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટયુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ધર્મ કે આસ્થા પુરવાર કરવા ભીડમાં જવાની જરુર નથી,ઘેર રહીને તહેવારોની ઉજવણી કરો,કોરોનાથી બચવા સાવચેતી રાખોઃ કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધન

કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધને લોકોને ચેતવણી આપતાં કહ્યુ હતું કે કોરોના એ શ્વસનતંત્રને અવરોધતો વાયરસ છે. અને શિયાળાની આગામી સીઝનમાં તેનો ચેપ અને ફેલાવો વધી શકે છે. તેમણે સ્પષ્ટ કહ્યુ હતું કે તમારી આસ્થા કે ધર્મને પુરવાર કરવા માટે મોટી સંખ્યામાં એકત્ર થવાની જરુર નથી. તમે તમારા ઘેર ઇશ્વરની પ્રાર્થના કરી શકો છો.હું આપને સલાહ આપીશ કે તમે તમારા ઘેર રહીને તહેવારોનો ઉજવણી કરો. જો કે જાણવાની વાત એ છે કે લોકોને આવો આકરો મેસેજ આપનરા મંત્રી હર્ષવર્ધન દેશમાં યોજાનારા ચુંટણી માટે રેલી કે સભા યોજવા માટે રાજકીય પક્ષોને કોઇ વાત કરી ન હતી કે શિખામણ આપી નહોતી.

કોરોનાની ગતિમાં કોઇ ઘટાડો થયો નથી તેવી વાસ્તવિકતાની જાણ કરતાં ડો. હર્ષવર્ધને કહ્યુ હતું કે દેશમાં કોરોનાના કેસો ૭૦ લાખની સપાટી વટાવી ગયા છે. પરંતુ દુર્ગા પુજા,દશેરા,દિવાળી અને છઠ પુજા નજીકમાં હોવાથી એવી ચિંતા વ્યાપી રહી છે કે કોરોનાની સંખ્યામાં વધારો થશે કમકે લોકોએ સલામતીના તમામ નિયમો નેવે મુકી દીધા છે. તહેવારોની ઉજવણી વેળાએ સલામતીના ધોરણોનું પાલન કરવામાં આપણે લાપરવાહ રહીશું તો દેશમાં કોરોનાની સ્થિતિ વણસશે અને અમારા માટે મોટી સમસ્યા ઉભી થઇ શકે છે. કોઇ ધર્મો કોઇ ધાર્મિક નેતા એવુ નથી કહેતા કે જીવનને ખતરમાં નાખીને તહેવારોની ઉજવણી કરવી જોઇએ.કોઇ ભગવાન નથી કહેતા કે તમને મોટા પંડાલોમાં પ્રાર્થના કરવાની જરુર છે. જો તમે જાણતા હોય કે બહાર આગ છે અને જો તમે ધર્મના નામે બહાર આગમાં જતા હોય તો આવા તહેવારોનો શું મતલબ ?

આગામી દિવસોમાં નવરાત્રિ,શરદ પુનમ, દશેરા તેમજ દીવાળી જેવા તહેવારોની મોસમ જામશે.ત્યારે આ સમયગાળા દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી હર્ષવર્ધનન જણાવ્યુ હતું કે લોકોએ વધારે સાવચેતી રાખવી પડશે.લોકોને માસ્ક પહેરવા,સામાજીક અંતર જાળવવાના નિયમનું શિસ્તબધ્ધ રીતે પાલન કરવા સહિત તમામ સતર્કતા રાખવા જણાવ્યું છે. તહેવારો દરમિયાન જો લોકોએ થોડી ઘણી બેદરકારી દાખવી તો તે ભારે પડશે. કોરોના વાયરસ કહેર મચાવશે.

## આરટીઓની સંખ્યાબંધ કામગીરીમાં આધાર બાયોમેટ્રિક ઓળખ માન્ય કરાશે : ઘેરબેઠા ડ્રાઇવીંગ લાયસન્સ રીન્યુ શક્ય બનશે

દેશભરમાં આરટીઓને લગતી સંખ્યાબંધ કામગીરી માટે આરીટીઓ ઓફિસ ના જવું પડે તે માટે આધાર થકી બાયો મેટ્રીક ઓળખને માન્ય કરવાની દરખાસ્ત માટે પરિવહન મંત્રાલય અને આઇટી વિભાગ વચ્ચે સંકલન સાધવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે દેશભરમાં વાહન રજીસ્ટ્રેશન,લર્નિંગ લાયસંસ,ડ્રાઇવિંગ લાયસંસ વગેરેને આધાર બાયોમેટ્રીક ઓથેન્ટિકેશનથી જોડવાનો પ્રયાસ તૈયાર કર્યો છે. આ તમામ કામ ઓનલાઇન થવાના કારણે લોકોને આરટીઓ કચેરીથી ચક્કર કાપવા પડશે નહીં. સાથે જ આરટીઓમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર પર અંકુશ લાગશે.

સુત્રોના કહેવા અનુસાર આ બાબતને કેન્દ્રીય રોડ, ટ્રાન્સપોર્ટ અને નેશનલ હાઇવે મંત્રાલયે ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મંત્રાલયની પાસે પ્રસ્તાવ મોકલ્યો છે.રોડ-પરિવહન મંત્રાલયનું કહેવુ છે કે લોકોને લર્નિંગ લાયસન્સની ઓનલાઇન સુવિધા મળવી જોઇએ. આ સિવાય વાહન રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, ડ્રાઇવીંગ લાયસન્સ વગેરેના રિન્યુઅલ તથા સરનામુ બદલવું વગેરે કાર્યો માટે પણ આધાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશનના માધ્યમથી શક્ય કરવું જોઇએ.

આ તમામ કામગીરી માટે આધારનો ઉપયોગ કરવાના અન્ય ફાયદા પણ છે. એક વ્યક્તિ અલગ-અલગ રાજ્યમાંથી ડ્રાઇવિંગ લાયસન્સ બનાવડાવી શકશે નહી. એટલે ડ્રાઇવીંગ લાયસન્સમાં છેતરપીડી અટકશે, કેમકે કેટલાય લોકો બે રાજ્યોમાંથી ડ્રાઇવીંગ લાયસન્સ બનાવી લે છે. જેના કારણે ગુનાખોરીમાં પ્રોત્સાહન મળે છે. આ ઉપરાંત કારના ડુપ્લીકેટ નંબર, ખોટી પ્લેટ જેવી છેતરપીંડી પર પણ તરાપ આવે તેવી સંભાવના છે.



### વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

આપણા શ્વાસમાં હિલિયન ગેસનું પ્રમાણ ૦.૦૦૦૫ ટકા હોય છે.આપણાં ઘરના તાપમાનમાં હિલીયન ગેસ રંગહીન,સ્વાદહીન હોય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

### કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

### ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.


ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ભારતીય અર્થતંત્ર હવે નિર્ણાયક તબક્કામાં : ૨૦૨૦-૨૧ના જીડીપીમાં ૯.૫ ટકાના ઘટાડાનો અંદાજ : આરબીઆઇ



ભારતીય રિઝર્વ બેન્કની મોનેટરી પોલીસી કમિટીની બીજી દ્વીમાસિક આર્થિક સમીક્ષામાં જણાવાયુ હતું કે વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષમાં દેશના જીડીપીમાં ૯.૫ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંન્ત દાસે જણાવ્યુ હતું કે એપ્રિલ-જુન ત્રીમાસિકના જીડીપી ગ્રોથમાં ૨૩.૯ ટકા જેટલો તોતિંગ ઘટાડો થયો હતો. પરંતુ હવે દેશભરમાં કોરોના એક્ટિવ કેસોનું પ્રમાણ ઘટતાં આશાનું કિરણ દેખાઇ રહ્યુ છે. એમપીસીએ જણાવ્યુ હતું કે ચાલુ નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિકના જીડીપી ગ્રોથમાં ૯.૮ ટકા,ત્રીજા ત્રિમાસિકના જીડીપી ગ્રોથમાં ૫.૬ ટકા અને ચોથા ગ્રોથમાં ૦.૫ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. પરંતુ ત્યારબાદ અર્થતંત્રની ગાડી પુરપાટ દોડવા લાગશે. વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથરેટ ૨૦.૬ ટકા નોંધાય તેમ છે.દાસે કહ્યુ હતું કે ભારતીય અર્થતંત્ર હવે કોરોના મહામારી સામેની લડાઇમાં નિર્ણાયક તબક્કામાં પહોચી ચુક્યું છે.

# વર્ષ ૨૦૨૦નો શાંતિ માટેનો નોબલ પુરસ્કાર વર્લ્ડ ફુડ પ્રોગ્રામને ફાળે

સમગ્ર વિશ્વમાં ખાદ્ય અસુરક્ષા અને ભુખમરા સામેની લડાઇમાં અગ્રિમ ભુમિકા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સંચાલિત વર્લ્ડ ફુડ પ્રોગ્રામને વર્ષ ૨૦૨૦નો શાંતિ નોબલ પુરસ્કાર અપાયો છે. યમનથી માંડીને ઉત્તર કોરીયા સુધી કરોડો લોકોને વર્લ્ડ ફુડ પ્રોગ્રામ અંતર્ગત ભોજન પુરુ પાડવામાં આવી રહ્યુ છે. નોબલ કમિટીના પ્રમુખ બેરિટ રીસ એન્ડરસને જણાવ્યુ હતું કે ભુખમરા સામેની લડાઇમાં પ્રયાસો, યુધ્ધગ્રસ્ત વિસ્તારોમાં શાંતિની સ્થાપનામાં યોગદાન અને ભુખને યુધ્ધ શસ્ત્ર તરીકે વપરાતી અટકાવવાના પ્રયાસોમાં મુખ્ય ચાલકબળ પુરવાર થવાના કારણે વર્લ્ડ ફુડ પ્રોગ્રામને સન્માનિત કરાયો છે. ખાદ્ય સુરક્ષાને શાંતિનું સાધન બનાવવા બહુઆયામી સહકાર ઊભો કરવા માટે વર્લ્ડ ફુડ પ્રોગ્રામ મહત્વની ભુમિકા ભજવી રહ્યો છે.આલફ્રેડ નોબેલની ઇચ્છા પ્રમાણે વિશ્વના દેશોમાં ભાઇચારો વધારવા સંયુક્ત રાષ્ટ્રનો આ કાર્યક્રમ મહત્વનું યોગદાન આપી રહ્યો છે.

# રાજ્યમાં નવરાત્રિ ગરબા પર પાબંધી , આરતીની છુટ : સરકારનો નિર્ણય

કોરોના વાઇરસનો ફેલાવો રોકવામાં મળેલી નિષ્ફળતાને કારણે સરકારે નવરાત્રિના તહેવારોમાં ગરબા પર પાબંધી લગાવી,પરંતુ આરતીના નામે છુટ આપી છે. જો કે આરતીમાં પણ સોશયલ ડિસ્ટન્સ જળવાશે તેવું કહેવુ અઘરુ છે.પરંતુ લોકોની ભાજપ માટે ધીમે ધીમે જે પ્રેમભાવ ઓછો થતો જાય છે તેનાથી બચવા આવા નિર્ણયો લેવા પડે તેવી સ્થિતિ છે. સામે પક્ષે સરકારને ચુંટણીઓનો સામનો કરવાનો છે તેમાં પણ મતદારોને રીઝવવાના છે,સંમેલનો ભરવાના છે વિગેરે વિગર પરંતુ કેટલાક તજજ્ઞોની રાય છે કે સોસ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી અને તેનાથી કોરોનાનો કેર એકદમ વધી જવાનો સંભવ છે.

સરકારી આદેશ અનુસાર પાર્ટી પ્લોટ,ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજિક,શૈક્ષણિક,રમત-ગમત,મનોરંજન,સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક તેમજ અન્ય જાહેર સમારોહ યોજના સ્થાનિક પોલીસ ઓથોરીટી પાસેથી મંજુરીના નિયમોમામં રાજ્યમાં જાહેર કે શેરી ગરબા સહિત કોઇપણ પ્રકારના ગરબા યોજી શકાશે નહીં.એમ જણાવાયું છે. તેની સાથે જ સ્થાનિક વહીવટી તંત્રની પુર્વ મંજુરીથી જાહેરમાં ગરબી, મુર્તિની સ્થાપના, પબુજા અને આરતી યોજવાની મુક્તિ આપી છે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ ૨૦૦ માણસોને એકઠા થવા પર છુટ આપવામાં આવી છે.જ્યારે ફોટા,પ્રસાદ વિતરણ,પર પ્રતિબંધ મુકાયો છે.

# હિન્દુત્વના મુદ્દે મહારાષ્ટ્રના ગર્વનર અને મુખ્યંત્રી વચ્ચે પત્રયુધ્ધના મંડાણ



મહારાષ્ટ્રમાં ધાર્મિક સ્થળો ખુલ્લા મુકવાના મામલે રાજ્યપાલ કોશીયારી અને મુખ્યમંત્રી ઉદ્દવ ઠાકરે સામસામે આવી ગયા છે. ઉદ્દવઠાકરેને લખેલા એક પત્રમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું કે કોવિદ-૧૯ના અટકાવ માટે જરુરી તમામ પગલા સાથે તમામ ધાર્મિક સ્થળો ખુલ્લા મુકવા જોઇએ. પરંતુ કોશિયારીએ પત્રમાં મુખ્યમંત્રી ઠાકરે માટે કરેલી ટિપ્પણીઓના કારણે વિવાદ સર્જાયો છે. કોશીયારીએ પત્રમાં જણાવ્યુ હતું કેમુખ્યમંત્રી હિંદુત્વના મજબુત સમર્થક છે. મુખ્યમંત્રીપદ સંભાલ્યા બાદ તેમણે અયોધ્યાની મુલાકાત લીધી હતી. મને એ વાતનું આશ્ચર્ય થાય છે કે ધાર્મિક સ્થળો નહીં ખોલવાનો તેમનો નિર્ણય માટે તેમને કોઇ દૈવી સંકેત પ્રાપ્ત થયો છે કે કેમ. કે પછી તમે જેને ધિક્કારતા હતા તે બિનસાંપ્રદાયકિતાને વર્યા છો?.કોશીયારીએ પત્રમાં લખ્યું છે કે ઠાકરે સીએમ બન્યા બાદ અયોધ્યામાં રામલલાના દર્શન,પંઢરપુરમાં વિઠ્ઠલ રુકુમણી મંદિર ખાતે કરેલી પુજાની યાદ અપાવી હતી.

રાજ્યપાલ કોશીયારીના શબ્દો સામે ઉગ્ર વાંધો લેતા ઉદ્દવ ઠાકરેએ વળતા પ્રહારમાં જણાવ્યુ હતું કે મારે હિંદુત્વના મામલે કોઇની પાસેથી પાઠ શીખવાની જરુર નથી. રાજ્યમાં કોરોના મહામારીની સ્થિતિની સંપુર્ણ ચકાસણી પછી જ ધાર્મિક સ્થલો ખોલવા અંગે નિર્ણય લેવાશે. મારે કોઇની પાસેથી હિંદુત્વનું પ્રમાણપત્ર લેવાની જરુર નથી. બિનસાંપ્રદાયિકતા પરની રાજ્યપાલની ટિપ્પણીનો જવાબ આપતાં ઠાકરેએ કહ્યુ હતું કે રાજ્યપાલ કોશીયારી કદાચ એવું માને છે કે સરકાર મંદિરો ખોલવાની પરવાનગી આપે તો હું હિંદુત્વનો સમર્થક અને ન આપે તો હું બિનસાંપ્રદાયિક, તમે રાજ્યપાલ તરીકે જે બંધારણના શપથ લીધા તેનો મુખ્ય હિસ્સો બિનસાંપ્રદાયિકતા નથી ?

સરકારની ફરજ એ છે કે તે નાગરિકોની સંવંદના અને આસ્થાને ધ્યાનમાં લેતી વખતે તેમના જીવનોની પણ કાળજી લે. એકદમ લોકડાઉન લાદી દેવો અને અચાનક જ ઉઠાવી લેવો ખોટી બાબત છે. હજુ થોડાક દિવસો પહેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ આ બાબતે ખુલાસો આપ્યો હતો કે માત્ર ધર્મ સ્થળો પર એકઠા થઇને પુજા કરવાથી જ ધર્મ જળવાય છે તેવી માન્યતા ખોટી છે. જ્યારે કેન્દ્રીય મંત્રીશ્રીના સુચનોથી વિરુધની વાત મહારાષ્ટ્રના ગર્વનરશ્રીએ કરેલી છે. માત્ર ભાજપની સરકાર નહી હોવાથી મહારાષ્ટ્રની સરકારને યેનકેનપ્રકારે બદનામ કરવી આ એકજ મકસદ દેખાઇ રહ્યો છે. આમ કેન્દ્રની નીતિ અને રાજ્ય સરકારની નીતીમાં મોટો ફક્ર દેખાઇ રહ્યો છે.ઠાકરેએ હજુ ઘણુ સહન કરવાનું છે.

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઇ શકો છો,છતાં એમને કોઇ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઇએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઇન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઇ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઇપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઇ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઇ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઇપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઇ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઇ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઇ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઇ અધિકાર નથી એવું કોઇએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# ગાંધીજીએ કહ્યુ છે કે ‘મારુ જીવન મારો સંદેશ છે :સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.

આખું જગત સંદેશ આધારિત ચાલે છે. સંદેશના પાયામાં ભાષા રહેલી છે.જો કે ભાષા સિવાય પણ સંદેશ મોકલી શકાય છે.એનુ ક્ષેત્ર સાંકડુ છે.આપણે સામસામે બેઠા હોઇએ તો નિર્દેશ કરીને કોઇ વસ્તુ મંગાવી શકીએ છીએ. પણ ઈશારાઓની મર્યાદા હોય છે.હું ઈશારાથી પાણી મંગાવી શકું છું.પણ મારી ઓફિસમાંથી કંઇ મંગાવવુ હોય તો મારે ભાષાની જરુર પડે છે. સંદેશાની રીતે જોઇએ તો એક માણસને મનમાં કંઇક વિચાર આવ્યો, તે બીજાની આગળ વ્યક્ત કરે, અને એ પ્રમાણે સામેની વ્યક્તિ એ કામ કરે, તેથી એમ કહેવાય કે સંદેશનું માધ્યમ ભાષા છે.જો માનવજાત પાસેથી ભાષા લુપ્ત થઇ જાય તો સઘળો વ્યવહાર અટકી પડે.કોઇ માણસ પોતાની ઓફિસમાંથી બેસીને વહીવટ ચલાવી ન શકે. ખેડુત ખેતી ના કરી શકે.મજુર મેહનતમાંથી બાકાત થઇ જાય.એક ગામથી બીજે, એક પ્રદેશથી બીજા કે વિશ્વના કોઇ ખુણે સંદેશ મોકલવો હોય તો ભાષાની જરૂરીયાત પડે જ.આ વાત થઇ સંદેશ માટે ભાષાની.પણ સંદેશ એટલે શું? એ તો પ્રશ્ન ઉભો જ રહ્યો છે. ધારો કે મારે કોઇ કામ હોય અને તમને બોલાવવા હોય,તો માણસ મોકલુ તે મારો સંદેશ તમને કહી સંભળાવે અને તમે તે પ્રમાણે અમલ કરો.તમે દેશાવર હોવ તો હુ તમને પત્ર દ્વારા સંદેશો પાઠવુ અથવા ફોનથી સમાચાર આપું. હવે તો સંદેશ માટેના સાધનો વ્યવસ્થા એટલાં તો વધી ગયાં છે કે તમે દુનિયાના કોઇપણ ખુણે કોવ તો પણ બીજી મિનિટે સંદેશ પહોચીં જાય. આજે તો દુનિયા ઘણી નાની બની ગઇ છે.અને સંદેશાનો વ્યવહાર સરળ.

સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.આજે આપણે ટી.વીની સ્વિચ પાડીએ અને દુનિયાના બધા જ સંદેશ સંકડમાં મળી જાય. સવારે છાપામાં જગતની નવાજુનીનો સંદેશ આપણને મળી જાય. એ બધા જ સમાચાર છે. પણ ગાંધીજીએ કહ્યુ છે કે ‘મારુ જીવન મારો સંદેશ છે ’આ બાબત એક નવુંજ દ્વાર ખોલી આપે છે. આપણે દર્પણની સામે ઉભા રહીએ તો આપણે કેવા છીએ એનો સંદેશ તે આપણને આપી દે છે. એ રીતે માણસના કાર્યો એનો સંદેશો પહોચાડે છે.જે ઉપદેશકો કે કથાકારો શબ્દોથી સંદેશ પહોચાડી શકતા નથી તે આચરણથી તરત જ પહોચી જાય છે.દીન દુખીયાની સેવા કરવી,કચડાયેલી પ્રજાને દુનીયાના ચોકમાં ઉભી રાખવા માટે જાગૃત કરવી અને સમાજના દુષણોને દુર કરીને સન્માર્ગ બતાવવા માટે જે ભેખ ધરીને ચાલે છે એને શબ્દોથી સંદેશ આપવાની જરુર નથી.એ તો ખભે ખલીતો કરીને નીકળી પડે છે, તો ધીમે ધીમે પ્રજા એની પાછળ ઘસડાય છે,એ જ એમનો સંદેશ અને એજ એમનુ જીવન છે. આપણે આ વિશ્વમાં આપણી આંખ અને કાન ખુલ્લા રાખીએ તો દરેક વસ્તુમાંથી આપણને જીવનનો સંદેશ મળી રહે છે.કીડીઓનુ નિરિક્ષણ કરો તો એમની પાસેથી કેવો મહાન સંદેશો મળી રહે છે. કીડીઓ પાસેથી મહેનતનો મંત્ર મળે છે.વૃક્ષો પાસેથી પરોપકારનો સંદેશો મળે છે.સાગર પાસેથી ઉંડાણ અને આનંદનો સંદેશ પમાય છે. સુર્ય-ચંદ્ર આપણને સમયનો તકાજો સમજાવે છે.આ ધરતી એ સહનશીલતાનો સંદેશો આપે છે.માર્શલ મેકલુહેને તો ‘માધ્યમ એ જ સંદેશ છે ’એવી વાત કરી છે.પવન, આપણને શાનો સંદેશો આપે છે.?આ બધાજ માધ્યમ છે.માધ્યમથી જ સંદેશો મેળવી શકાય છે.ટપાલમાં જે સંદેશો આવતો,એના માટે લોકો દિવસોના દિવસો સુધી ઝુર્યા કરતા.

સમયે સમયે સંદેશાના માધ્યમ પણ બદલાતાં રહ્યાં છે.જુના સમયમાં એક રાજા બીજા રાજને પોતાનો સંદેશો કાપડમાં લખીને સૈનિક દ્વારા મોકલતો, ભરી સભામાં તે વાંચવામાં આવે,પછી એનો પ્રત્યુત્તર આપવામાં આવતો.ઘણા કબુતરોને માધ્યમ બનાવીને પોતાના સંદેશાઓની આપ લે કરાવતાં. ટપાલ તો ઘણી મોડી આવી. પણ આજેય ટપાલ દ્વારા સંદેશની આપ-લે થાય છે.ઝડપી સંદેશા તાર દ્વારા મોકલાતા. અત્યારે તો સંદેશના માધ્યમોએ દુનિયાને મુઠ્ઠીમાં કરી લીધી છે.સંદેશા દ્વારા સામેની હકીકત જાણી શકાય છે.સંદેશાથી માણસના મનની દશાનો ખ્યાલ આવે છે.સંદેશો જ સાચી પરિસ્થિતિનો તાગ મેળવવામાં કામ લાગે છે.સવારે સમાચાર પત્ર આપણને આખા વિશ્વની નવાજુનીઓ સંદેશ આપી દે છે. ક્યાં શુ થાય છે અને કેવી પરિસ્થિતિ છે, તે સંદેશા દ્વારા જાણી શકાય છે. ક્યાંક આગ લાગે તો તરત ફાયરબ્રિગેડને સંદેશ પહોચાડાય છે. તેથી તે દોડી આવે છે. આ બધી સંદેશા વ્યવહારની સામાન્ય વાત થઇ.

એ સિવાય પણ સંદેશો આપી શકાય છે. જે ઘણાના જીવનને સીધો સ્પર્શે છે. કોઇ મહાન માણસને પુછવામાં આવે છે કે પ્રજા માટે તમારો સંદેશ શું છે ?અહીં સંદેશનો આખો અર્થ ફરી જાય છે.ધર્માચાર્યો જે સંદેશ આપે છે, એ માણસને જીવનની દિશા સુચવે છે. કોઇને ઉત્તમ પુસ્તક લખ્યુ હોય, એનો સંદેશ કંઇ જુદા જ પ્રકારનો પ્રભાવ પાડતો હોય છે.તો ક્યારેક માણસને આત્માનો અવાજ સંદેશો આપતો હોય છે.જોન વ્હાઇટહેડે કહ્યુ છે ‘બાળકો એક જીવંત સંદેશ છે જે આપણે એવા એક સમયમાં મોકલીએ છીએ કે જે આપણે કદી જોઇ નહીં શકીએ ’આપણે જાણીએ છીએ કે બાળક તો પ્રભુનો પયગંબર છે.જ્યાં સુધી બાળકો આ ધરતી પર આવતાં રહેશે ત્યાં સુધી સ્વર્ગ અહીં જ છે. કેટલાંક અજ્ઞાત સંદેશ મળતા હોય છે. આ અનંતની પાર પ્રાણવાહક સુના સંદેશ લઇ જવા માટે મહાદેવી વર્માએ કહ્યુ છે આ જગતમાં દરેક જીવ કંઇ ને કંઇ પ્રાપ્ત કરવા માટે કોઇને કોઇ સંદેશ મેળવવા માટે, મથામણ કરતો જ હોય છે. પરમાત્માએ તો આપણને ચોમેરથી સંદેશાનો વરસાદ વરસાવ્યો છે. પણ એને ઝીલનાર કોણ ?ઇટાલીયન અભિનેત્રી એલેનોરા દુસે (૧૮૫૮-૧૯૨૪)કહ્યુ છે ‘જો ભુરા આકાશને જોઇને તમારુ ચિત્ત પ્રસન્ન થઇ જતુ હોય, જો પ્રકૃત્તિ દ્વારા પાઢવવામાં આવતા સરળ સંદેશાઓ તમે સમજી શકો તો તમારો આત્મા હજી જીવિત છે ’ જે પ્રકૃત્તિને માણી શકતા નથી એ જીવે કે મરે તેથી કોઇ જ ફરક પડતો નથી.પ્રકૃત્તિ સાચા જીવનનો સંદેશ આપે છે.એ સંદેશને પચાવવાની ક્ષમતા આપણે ગુમાવી બેઠા છીએ.

ઈશ્વર આપણી સાથે સતત વાત કરતો રહે છે. સારી કે ખરાબ ઘટનાઓ પણ એનો જ સંદેશ હોય છે. એ સંદેશને આપણે વાંચી શકીએ તો એનું આંતરસત્વ પામી શકાય છે. મેલકમ મગરીજી કહ્યુ છે ‘ દરેક નાની કે મોટી ઘટના એક ઉદાહરણ કથા છે.જેના દ્વારા ઈશ્વર આપણી સાથે વાત કરે છે.અને જીવને આપણે એ સંદેશને પ્રાપ્ત કરવાનો છે.આપણે ભલે માનતા હોઇએ કે કોઇ અનિષ્ટ ઘટના ઘટી છે,પણ એય એનો સંદેશ હોય છે. એની લીપીને આપણે ઉકેલવાની રહે છે.’આપણે કોઇ ધાર્મક ગ્રંથ વાંચતા હોય, તો આપણને એમાંથી સંદેશો મળતો હોય છે.ડો.સ્યુસે કહ્યુ છે ‘ ધર્મગુરુઓએ વાત કરી કે આ ધાર્મિક ગ્રંથમાં કેટલો સારો સંદેશો છે !તમે કંઇ પણ કરો,કોઇ ને કોઇ હંમેશાં તમારા ગ્રંથમાના ગર્ભિત અર્થો વધારશે ’આપણે જાણીએ છીએ કે, હોઠ દ્વારા જ આપેલો સંદેશો કાનને સ્પર્શીને જતો રહે છે.પણ હૃદયનો સંદેશ હૃદય સુધી પહોચે છે.બીલ ગોથાર્ડે કહ્યુ છે કે ‘ મગજમાં તૈયાર થયેલો સંદેશો બીજા મગજ સુધી પહોચે છે.જ્યારે જીવન દ્વારા પ્રસારિત સંદેશ અન્ય જીંદગીને પ્રભાવિત કરે છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## જાણવા જેવું !

૧૯મી સદીમાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.
સિયામના લોકો પોતાના ઘરમાં દરવાજા અને બારીઓ એકી સંખ્યામાં રાખે છે.
ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.
વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક #<;5849<6;9

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.